**સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ-પ્રમાણપત્ર તથા બિનઉન્નતવર્ગ પ્રમાણપત્ર આપવા ઇન્કાર થાય ત્યારે અથવા ખોટા પ્રમાણપત્ર રદ કરાવવા માટે અપીલ સત્તા આપવા બાબત સ્પષ્ટતા.**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:સશપ-૧૪૦૮-૧૭૫૬-અં

સચિવાલય, ગાંધીનગર

તા.૨/૬/૨૦૧૪

વંચાણે લીધાં -:

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૬/૧/૧૯૯૫નો ઠરાવક્રમાંક: સશપ/૧૪૯૪/૨૦૨૦/અ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨/૧૧/૧૯૯૬નો ઠરાવક્રમાંક: સશપ/૧૪૯૬/૯૪૪/અ

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૧૨/૨૦૦૮નો ઠરાવક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૪/૨૦૧૦નો ઠરાવક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૫) નિયામકશ્રી,વિકસતી જાતીનો તા.૩/૫/૨૦૧૪નો પત્રક્રમાંક: વિજાક/જન/જાપ્રપ/૧૪-૧૫-૬૧૧

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ ક્રમ.૧થી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ખોટા જાતિ-પ્રમાણપત્રો રદ કરવાની સત્તા નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણને અપાયેલ હતી. ક્રમ.૨ના ઠરાવ વડે આ સત્તાઓ વિસ્તારાયેલ અને અપીલ માટેનો ચોક્કસ ક્રમ નક્કી કરવામાં આવ્યો. ક્રમ.૩ના ઠરાવ વડે રાજ્યકક્ષાની વિશ્લેષણ સમિતીની રચના કરવામાં આવી, અને તેના કાર્યો/ફરજો/સત્તાઓ નક્કી કરવામાં આવેલ

છે. ક્રમ.૪ના ઠરાવ વડે અપીલની સત્તાઓ બાબતે સુધારો બહાર પાડવામાં આવ્યો. પરંતુ વિશ્લેષણ સમિતિ દ્વારા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ખોટા અપાયેલા જાતિપ્રમાણપત્રો પરત્વે તેમજ ખોટી રીતે અપાયેલ ઉન્નત વર્ગોના પ્રમાણપત્રો બાબતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આ સમિતીની સત્તા માત્ર ખોટા અપાયેલા આ બે પ્રમાણપત્રો પરત્વે છે. પરંતુ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર આપવા સક્ષમ સત્તાધિકારી ઇન્કાર કરે, ઉન્નતવર્ગમાંથી બાકાત હોવા અંગેનું પ્રામાણપત્ર આપવા અંગે સક્ષમ સત્તાધિકારી ઇન્કાર કરે તથા તેવા સંજોગોમાં સમિતીની સત્તા બાબતે કોઇ જોગવાઇ કે ઉલ્લેખ નથી. રાજ્યકક્ષાની વિશ્લેષણ સમિતિના કાર્યો/ફરજો/સત્તાઓ વિષે હજી અસ્પષ્ટતા રહેતી હોઇ વંચાણે લીધેલ ક્રમ.૫ પરના નિયામકશ્રી, વિકસતીજાતિના તા.૩/૫/૨૦૧૪ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની સ્પષ્ટતા બહાર પાડવામાં આવે છે.

**ઠરાવ:**

૧ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ખોટા અપાયેલા જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટેઃ-

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ખોટા અપાયેલા પ્રમાણપત્રો પરત્વે કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા રાજય કક્ષાની વિશ્લેષણ સમિતિને છે. જે પ્રથા યથાવત રહેશે .

૨ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના જાતિ પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ અધિકારી ઇન્કાર કરે ત્યારેઃ-

- સક્ષમ સત્તાધિકારી ઇન્કાર કરે ત્યારે સબંધિત જિલ્લા કલેકટરને અપીલ કરી શકાશે.
- જિલ્લા કલેકટરશ્રીના નિર્ણય સામે ફેર તપાસણી (Revision) ની સત્તા વિશ્લેષણ સમિતિ હસ્તક રહેશે.

3 ઉન્નત વર્ગમાંથી બાકાત હોવા અંગેના પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ સત્તાધિકારી ઇન્કાર કરે ત્યારેઃ-

- મામલતદાર ઇન્કાર કરે તો પ્રાંત/નાયબ/ મદદનીશ કલેકટરને અપીલ કરી શકાય શકાશે.
- પ્રાંત/નાયબ/મદદનીશ કલેકટર ઇન્કાર કરે ત્યારે જિલ્લા કલેકટરને અપીલ કરી શકાશે.
- જિલ્લા કલેકટરના નિર્ણય સામે વિશ્લેષણ સમિતિને અપીલ કરી શકાશે.

૪ ખોટા અપાયેલા બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્રો માટે નીચે મુજબની જોગવાઇ છે જે યથાવત રહેશે.

- મામલતદાર ધ્વારા ખોટું અપાયેલ હોય તો પ્રાંત/નાયબ/મદદનીશ કલેકટરને અપીલ કરવાની રહેશે.
- પ્રાંત/નાયબ/મદદનીશ કલેકટરના નિર્ણય સામે જિલ્લા કલેકટરને અપીલ કરવાની રહેશે.
- જિલ્લા કલેકટરના નિર્ણય સામે વિશ્લેષણ સમિતિ સમક્ષ અપીલ કરી શકાશે.

૫ ઉપરોક્ત બાબતો સિવાય વંચાણે લીધેલ ક્રમ: ૨,૩,૪ પરના ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૬ આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની તા.૩૦/૫/૨૦૧૪ની નોધથી મળેલ સંમત્તિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એન.પ્રજાપતિ)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી ,સચિવાલય, ગાંધીનગર
- માન .મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી ,સચિવાલય ,ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવ શ્રી ,સચિવાલય ,ગાંધીનગર
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવ શ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવ શ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯,ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

- સચિવ શ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી , ગુજરાત જાહેરસેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.
- સચિવશ્રી , ગુજરાત પંચાયત સેવા મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી , ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓંને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી
- તમામ ખાતાના વડાઓ
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી વિકસતીજાતી મારફત)
- વિભાગની તમામ શાખાઓ.
- સિલેક્ટ ફાઇલ